# આણંદ કૃષિ યુનિવર્સિટી આણંદ ખાતે મીલેટસ ઉપર પરિસંવાદ યોજાયો

આણંદ કૃષિ યુનિવર્સિટી ની બી.એ.કોલેજ ઓફ એગ્રીકલ્ચર ના એલમની એસોસીએશન દ્વારા તા.૧૨/૦૪/૨૦૨૩ ને બુધવાર ના રોજ કોલેજના ઓડીટોરીયમ ખાતે મીલેટસ : ધ ફ્યુચર ઓફ સસ્ટેઇનેબલ એગ્રીકલ્ચર વિષય ઉપર પરિસંવાદ નું આયોજન કરવામાં આવેલ હતું આ કાર્યક્રમના અધ્યક્ષ તરીકે આણંદ કૃષિ યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ.કે.બી.કથીરિયા અને મુખ્ય મહેમાન તરીકે રાષ્ટ્રીય ડેરી વિકાસ બોર્ડ(NDDB)ના અધ્યક્ષ શ્રીમીનેષભાઈ શાહ ઉપસ્થીત રહ્યા હતા આ પરિસંવાદમાં ૪૭૦ જેટલા કૃષિ વૈજ્ઞાનિકો, વિદ્યાર્થીઓ, એલેમની એસોસીએશનના સભ્યો, ખેડૂતભાઈઓ તથા બહેનો તેમજ નિવૃત કૃષિ વૈજ્ઞાનિકો હાજર રહ્યા હતા.

પરિસંવાદના અધ્યક્ષ અને આણંદ કૃષિ યુનિવર્સિટી ના કુલપતિશ્રી ડૉ.કે.બી.કથીરિયા એ જણાવ્યું હતું કે યુનાઇટેડ નેશન દ્વારા વર્ષ ૨૦૨૩ને ઇન્ટરનેશનલ ઈયર ઓફ મીલેટસ તરીકે જાહેર કરવામાં આવ્યું છે તેની ઉજવણીના ભાગ રૂપે યુનિવર્સિટી દ્વારા સુઆયોજીત રીતે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં મીલેટસ પાકો માટે ના સંશોધન તથા તેનું વિસ્તરણ તેમજ ઉત્પાદિત મીલેટસ માં વેલ્યુ એડીશન (મુલ્ય વૃદ્ધિ) માર્કેટિંગ અને નિકાસ જેવી તમામ બાબતો નો સમાવેશ કરી આખી વેલ્યુ ચેઈન તૈયાર થાય તે પ્રમાણે નાકાર્યક્રમો યુનિવર્સિટી દ્વારા હાથ ધરવામાં આવી રહ્યા છે અને તે માટે યુનિવર્સિટી ના તમામ વિભાગો અને વૈજ્ઞાનિકો કટીબદ્ધ છે.તેમણે માનવજગત માટે સારા સ્વાસ્થય માટે મીલેટસ ના ઉપયોગ ની સાથે સાથે તેનો ઉપયોગ પ્રાણીઓ માટે એનીમલ ફુડ સિક્યુરીટી ઉપર કરવા ભાર મુક્યો હતો અને તે બાબતે આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા ઘાસચારા પાક માટે થયેલ સંશોધનો વિશે જાણકારી આપી હતી.

આ કાર્યક્રમ ના મુખ્ય મહેમાન અને એન.ડી.ડી.બી. ના ચેરમેન શ્રી મિનેષભાઇ શાહે આણંદ કૃષિ યુનિવર્સિટી અને એન.ડી.ડી.બી. વચ્ચે ઓર્ગેનિક મેન્યુરના સંશોધન અને વિસ્તરણ અંગે થયેલ એમ.ઓ.યુ વિશે જાણકારી આપતા જણાવ્યું હતું કે આ બંને નામાંકિત સંસ્થાઓ સાથે મળીને ખેડૂત સમુદાયના વિશાળ હિત માટે કામગીરી કરશે. જેથી ખેડૂતોને ગુણવત્તા યુક્ત ઉત્પાદન લઈ સારી આવક મેળવી શકશે. તેમણે એન.ડી.ડી.બી. ના નવા આયામો જેવા કે ઓર્ગેનિક પ્રોડક્ટ નું ઉત્પાદન અને માર્કેટિંગ, ખેડૂતો માટે બીજ સમિતિ અને તૈયાર થયેલ ઓર્ગેનિક પ્રોડક્ટની નિકાસ માટે ભવિષ્યમાં હાથ ધરવામાં આવનાર પ્રવૃતિઓની માહિતી આપી હતી. જે માં તેમણે ખાસ કરીને સારા અને શુદ્ધ બિયારણ માટે આણંદ કૃષિ યુનિવર્સિટીના સહયોગ માટે અપેક્ષા વ્યક્ત કરી હતી, વધુમાં તેમણે મુજકુવા ગામ ખાતે તૈયાર કરેલ મુજકુવા ખાધ સરકારી મંડળી નો ઉલ્લેખ કરી તેનો પ્રથમ એન્યુઅલ રીપોર્ટ નું વિમોચન કર્યું હતું.

કાર્યક્રમના અતિથિવિશેષ અને આકૃયુંના સંશોધન નિયામકશ્રી ડૉ.એમ.કે.ઝાલાએ કોવિડ ના સમયગાળા બાદ જનસમુદાયમાં સ્વાસ્થય બાબતે આવેલ જાગૃતિ અને મીલેટસ ની ઉપયોગીતાને લીંક કરતા જણાવ્યું હતું કે મીલેટસ ના પોષણકીય લાભો અનેક છે. જેમાં ખાસ કરીને વિવિધ પ્રકારના મીલેટસ માં ફેરસ, ફાઈબર, વિટામીન, પ્રોટીન, એન્ટીઓક્સીડન્ટ જેવા તત્વો હોવાથી માનવ સ્વાસ્થય માટે મીલેટસ અતિ આવશ્યક છે. આ સાથે તેમણે એમ પણ જણાવ્યું હતું કે આઝાદીના સમયથી

આજદિન સુધી મીલેટસ પાકો ના વાવેતરમાં સતત ઘટાડો થયો છે. હવે તે દિશામાં સંશોધન, વિસ્તરણ અને ઉત્પાદન વધારવા ઉપર ભાર મુક્યો હતો.

આ સંદર્ભે તેમણે આ.કૃ.યુની સંશોધન ની વિગતો આપતાં જણાવ્યું હતું કે યુનિવર્સિટી દ્વારા વર્ષ ૨૦૦૪ થી આજદિન સુધી મીલેટસ પાકો માટે ૯ વિવિધ જાતો, ૪૬ તાંત્રિક ભલામણો તથા ૮૫ જેટલી પોસ્ટ ગ્રેજ્યુએટ રીસર્ચ પ્રોગ્રામ હાથ ધરવામાં આવ્યા છે. આ સાથે તેમણે જણાવ્યું કે મીલેટસ વર્ષની ઉજવણીના ભાગ રૂપે યુનિવર્સિટીના કાર્યક્રમો માં મીલેટસ ની આઈટમો તથા વિદ્યાર્થીઓના હોસ્ટેલ ફૂડમાં અઠવાડિક મીલેટસ ની આઈટમ નો સમાવેશ કરવામાં આવેલ છે.

આ કાર્યક્રમના અતિથિ વિશેષ અને વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી એ મીલેટસ ને ખેડૂત સમુદાયમાં ખાસ કરીને યુવા વર્ગમાં તેની જાગૃતિ લાવવા ઉપર ભાર મુકતાં જણાવ્યું હતું કે યુનિવર્સિટીના ફાર્મ ઉપર તેમજ એજ્યુકેશનલ મ્યુઝીયમ ખાતે મીલેટસ માટે એક અલગ વિભાગ તૈયાર કરવામાં આવ્યો છે જેથી ખેડૂતો તેમજ વિદ્યાર્થીઓ તેની મુલાકાત લઇ મીલેટસ વિશે જાણકારી મેળવી શકે. તેમણે મીલેટસ પાકોના વધુ ઉત્પાદન કરવા અને નફાકારક બનાવવા માટે ટેકાના ભાવ નક્કી કરવાની હીમાયત કરી હતી.

આ કાર્યક્રમના અતિથિવિશેષ અને બી.એ.કોલેજ ઓફ એગ્રીકલ્ચરના દાતા ફેમીલીના સભ્યશ્રી અમિતભાઈ શેઠે કાર્યક્રમની સફળતા માટે શુભેચ્છા આપી હતી તથા વિદ્યાર્થીઓ માટે દાનની રકમ પણ અર્પણ કરી હતી.

કાર્યક્રમની શરૂઆતમાં એલમની એશોસીએશનના પ્રમુખશ્રી અને કોલેજના આચાર્યશ્રી ડૉ.વાય. એમ. શુક્લ એ સ્વાગત પ્રવચન કર્યું હતુ અને આ પરિસંવાદનુ મહત્વ તેમજ એલમની એશોસીએશન ની ભૂમિકા વિશે વિસ્તૃત માહિતી આપી હતી. એલમની એશોસીએશનના સેક્રેટરીશ્રી ડૉ.કે.સી.પટેલે એશોસીએશન દ્વારા અપાતા ૨૬ જેટલા એવોર્ડ અને કેશપ્રાઈઝની માહિતી આપી હતી અને તે મુજબ વિદ્યાર્થીઓને એનાયત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમ દરમિયાન મહાનુભાવોની હસ્તે બે પ્રકાશનો જેવા કે રીસર્ચ એચીવમેન્ટસ ઇન મીલેટસ (૨૦૦૪ થી ૨૦૨૩) અને કમલમ (ડ્રેગન ફ્રૂટ) ગુજરાતમાં નવો ફળ પાક ના વિમોચન કરવામાં આવ્યા હતા.

આ કાર્યક્રમમાં યુનિવર્સિટીની વિવિધ નિષ્ણાતો દ્વારા મીલેટસને આનુસંગિક વિવિધ વિષયો ઉપર વિસ્તૃત જાણકારી આપવામાં આવી હતી. જેમાં મીલેટસનો વિસ્તાર-ઉત્પાદનની રૂપરેખા, મીલેટસમાં સુધારણા માટે થયેલ સંશોધનો, સંકલિત રોગ-જીવત વ્યવસ્થાપન, મીલેટસ સ્ટાર્ટઅપનું સશક્તિકરણ અને બિઝનેશ આઈડીયા, મીલેટસમાં મુલ્યવર્ધન અને સંસ્કરણ અને સંકલિત પોષણ વ્યવસ્થાનો સમાવેશ થાય છે. કાર્યક્રમના અંતે ડૉ.ડી.જે.પરમાર દ્વારા આભાર વિધિ કરવામાં આવી હતી.


MILLETS
2023
Symposium
on
Millets: The Future of Sustainable Agriculture
Organized by
BACA ALUMNI ASSOCIATION
B. A. COLLEGE OF AGRICULTURE, ANAND AGRICULTURAL UNIVERSITY, ANAND 388 110
Venue: BACA Auditorium
Date & Time: 12.04.2023, 09.30 am
AAU
COLLEGE OF AGRICULTURE
ANAND


AAU
MILLETS
2023
Symposium
on
Millets: The Future of Sustainable Agriculture
BACA ALUMNI ASSOCIATION
B. A. COLLEGE OF AGRICULTURE, ANAND AGRICULTURAL UNIVERSITY, ANAND 388 110
Venue: BACA Auditorium
Date & Time: 12.04.2023, 09.30 am


Exchange of MoU between AAU and NDDB
Anand Agricultural University, Anand
and
National Dairy Development Board, Anand




Symposium
on
Millets: The Future of Sustainable Agriculture
BACA ALUMNI ASSOCIATION

